# HCTR

## TRANSLATION EXAMINATION
## FEBRUARY-2012

DATE : 26-02-2012 TIME : 12.00 NOON TO 3.00 PM

TOTAL MARKS : 80

## PART - I

નીચે આપેલા સરકારી આદેશનો ઈંગ્લિશમાં અનુવાદ કરો. ૩૦ ગુણ

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૧-૯-૨૦૧૧

આમુખ :

રાજ્ય સરકારના કર્મચારીઓ/શિક્ષકો માટે બઢતીનો અભાવ/મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચતર પગાર ધોરણની યોજના નાણાં વિભાગના તા. ૫-૭-૧૯૯૧ના ઠરાવ ક્રમાંકઃ-એઓપી-૧૦૯૧-૩-મ,થી તારીખ ૧લી જૂન,૧૯૮૭થી અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના મૂળભૂત રીતે સુધારીને, વંચાણમાં લીધેલ તા. ૧૬-૮-૧૯૯૪ના ઠરાવ ક્રમાંકઃ-પગર-૧૧૯૪-૪૪-મ,થી કર્મચારીઓ માટે ૯, ૧૮ અને ૨૭ વર્ષે અને વંચાણમાં લીધેલ તા. ૧૬-૮-૧૯૯૪ના ઠરાવ ક્રમાંકઃ-પગર-૧૧૯૪-૪૫-મ,થી શિક્ષકો માટે ૯, ૨૦ અને ૩૧ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ રાજ્ય સરકારનાં વિવિધ મંડળોની રજૂઆતના સંદર્ભે વંચાણમાં લીધેલ તા. ૨-૭-૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃ-પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ,થી સરકારી કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના દાખલ કરવામાં આવેલ છે.

ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો રાજ્ય સરકારનો મૂળ ઉદ્દેશ એ છે કે કર્મચારી/શિક્ષક તેના ચોક્કસ પગાર ધોરણમાં સ્થગિત થતાં તેને તેની લાંબી નોકરીને ધ્યાને લેતાં તેની કામગીરી પર વિપરીત અસર ન પડે તે બાબતે તેને નાણાકીય લાભ આપવાનો, સાથે સાથે કર્મચારી/શિક્ષક તેની લાંબી નોકરી દરમ્યાન ઉત્સાહ અને ખંતથી કામ કરે તે મુખ્ય ઉદ્દેશ રહેલો છે. આમ, રાજ્ય સરકાર દ્વારા તમામ હકારાત્મક બાબતો ધ્યાને લઈને ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના બનાવવામાં આવેલ હોય ત્યારે કર્મચારી/શિક્ષક ઉચ્ચતર પગાર ધોરણનો લાભ લઈને પછી કોઈ પણ કારણસર બઢતીનો અસ્વીકાર કરે અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લે ત્યારે ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો રાજ્ય સરકારનો મૂળ ઉદ્દેશ જળવાતો નથી.

ઉચ્ચતર પગાર ધોરણ યોજનાના અત્યાર સુધીના તમામ હુકમોમાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

Downloaded from WWW.RIJADEJA.com

''આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવનાર દરેક કર્મચારી/શિક્ષકે લેખિત બાંયધરી આપવાની રહે છે કે, જ્યારે તેને બઢતી મળશે ત્યારે તેનો અસ્વીકાર કરશે નહીં. આ યોજનાનો હાર્દ બઢતીનો અભાવ/મર્યાદિત તકો સંદર્ભે લાભ આપવાનો હોઈ બઢતીનો અસ્વીકાર કરનારને તેનો લાભ આપી શકાય નહીં. ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર કર્મચારી/શિક્ષક બઢતી મળવાના પ્રસંગે કોઈ પણ કારણસર બઢતીનો અસ્વીકાર કરશે, તો આ યોજના હેઠળ મેળવેલ લાભ તેણે જતો કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હઠાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ ન હોત અને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળવાપાત્ર થતો હોત તે પગાર તેને મળવાપાત્ર થશે. આમ છતાં, મૂળ પગાર ધોરણમાં પાછા હઠાવવાના કારણે કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થાં મેળવ્યાં હોય તે રકમની વસૂલાત કરવાની રહેશે નહીં.''

આમ છતાં સ્વૈચ્છિક નિવૃત્તિ સમયે કર્મચારીને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ પરત લેવાનું થાય કે કેમ તે બાબતે અન્ય વિભાગો/ખાતાના વડાઓ તરફથી નાણાં વિભાગને પૃચ્છા કરવામાં આવી રહેલ છે તે બાબત ધ્યાને લઈ પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

(૧) ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવ્યા બાદ સ્વૈચ્છિક નિવૃત્તિના કેસમાં બઢતીના અસ્વીકારના કેસમાં કરવામાં આવતી કાર્યવાહી મુજબની કાર્યવાહી કરવાની રહેશે. એટલે કે, આ યોજના હેઠળ મેળવેલ લાભ કર્મચારી/શિક્ષકે પરત કરવો પડશે અને તેને તેના મૂળ નીચલા પગાર ધોરણમાં ઉચ્ચતર પગાર ધોરણ ન મળેલ હોય તે મુજબ પાછા હઠાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ ન હોત તો મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મેળવતા હોત તે પગાર અને તે પગાર પર મળવાપાત્ર ઈજાફા મેળવશે.

(૨) બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યૂટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ હોય તથા અન્ય તમામ શરતો પૂર્ણ કર્યા બાદ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ હોય અને કર્મચારી/શિક્ષક દ્વારા સ્વૈચ્છિક નિવૃત્તિ લેવામાં આવી હોય તેવા કિસ્સામાં મૂળ નીચલા પગાર ધોરણમાં પાછા હઠાવવાના કારણે કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થાં મેળવ્યાં હોય તે રકમની વસૂલાત કરવાની રહેશે નહીં.

(૩) બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યૂટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની શરતે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ હોય તેવા કર્મચારી/શિક્ષકે બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યૂટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલાં સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવવી હશે તો તેઓએ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત કરવાનો રહેશે અને તેમણે મેળવેલ નાણાકીય લાભ પરત કરવાનો રહેશે. ગુજરાત રાજ્ય મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ના નિયમ-૨૮ની જોગવાઈ આ પ્રકારા કેસોમાં લાગુ પડશે નહીં.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Downloaded from WWW.RIJADEJA.com

# PART - II

**Translate the following passage into Gujarati.** **30 Marks**

## WILD LIFE PROTECTION

Wildlife is important for human life because it is the animals and the ecology that sustain life on the planet. India has had a very rich wildlife thriving in green and lush forests. However, of late there as been a steep decline in the flora and fauna of the nation. A number of animals and birds are either extinct or steadily on the way to extinction. This has been a cause of deep concern. Comprehensive measures are needed to check the degeneration of forests before it is too late. The State laws have proved to be ineffective in this regard. Parliament, therefore, found an urgent need for a Central legislation and enacted the Wild Life Protection Act, 1972.

The law now provides for the constitution of Life Advisory Board for each State to regulate and prohibit the hunting of wild animals and birds, to regulate possession, acquisition or transfer of, or trade in wild animals and animal articles. The law also provides for declaring some areas as sanctuaries, national parks etc. in order to make a secure environment for animals to thrive.

Wildlife, according to the Act, includes any animal, and within the term 'animal' it includes mammals, bird, reptiles and amphibians, and to kill any of the animals is a punishable offence.

Downloaded from WWW.RIJADEJA.com

# PART - III (A)

નીચે આપેલા શબ્દોનો યોગ્ય ઈંગ્લિશ પર્યાય પસંદ કરો. ૧૦ ગુણ

૧ ઢગલો : (hype, hipe, heap)

૨ અનંત : (infidel, infinite, finite)

૩ પ્રવાહી : (livid, liquid, lipid)

૪ મૌખિક : (option, optic, oral)

૫ વટહુકમ : (ordinance, ordnance, orderly)

૬ વાદી : (plaint, plaintiff, partner)

૭ પ્રાથમિક : (primary, princely, proper)

૮ અજમાયેશી : (privilege, probate, probation)

૯ નનામું : (anonymous, angry, antique)

૧૦ ટોળુ : (crown, crowd, crude)

---

# PART - III (B)

**Choose the correct Gujarati word for each of the following : 10 Marks**

1 Accurate : (પ્રથમ, ચોક્કસ, સાદુ)

2 Barometer : (હવાનું દબાણ માપવાનું યંત્ર, તાવ માપવાનું સાધન, લોહીનું દબાણ માપવાનું યંત્ર)

3 Capital punishment : (આજીવન કેદની સજા, જાહેરમાં ફટકાના દંડની સજા, મોતની સજા)

4 Curfew : (આચાર સંહિતા, સંચારબંધી, નશાબંધી)

5 Manure : (ખાતર, એક પ્રકારનું પ્રાણી, ખાણ)

6 Pauper : (કાગળ, અમીર, અતિ ગરીબ વ્યક્તિ)

7 Peace : (કટકો, શાંતિ, વિચાર)

8 Smooth : (લીસું, સ્પષ્ટ, સ્વચ્છ)

9 Exaggeration : (સૌંદર્ય, અદ્દભુત, અતિશયોક્તિ)

10 Novel : (નવીન, દૂર, અસંખ્ય)

Downloaded from WWW.RIJADEJA.com